Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૩૨
તા.૦૯-૦૩-૨૦૧૮, શુક્રવાર
સંવત ૨૦૭૪ ફાગણ વદ - ૦૮
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૫૭ સૂર્યાસ્ત : ૦૬:૪૭

તાપમાન
ડીસા ૩૫.૫ | વડોદરા ૩૮.૦
અમદાવાદ ૩૬.૪ | સુરત ૩૫.૦
ગાંધીનગર ૩૫.૭ | નલિયા ૩૪.૪

ચાંદી : ૩૯,૦૦૦ સોનું : ૩૧,૪૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

દિકરીઓ બોજ નહી પણ આન, બાન, શાન : મોદી

વિચાર વૈભવ...

ભગવાનનું નામ માત્ર !

અમેરિકાની આ વાત છે. એક માણસ પોતાના ચાર વરસના બાળકને કારમાં બેસાડીને જતો હતો. નાના બાળકને પાછળની સીટમાં ગોઠવી શકાય એવી ખાસ સીટમાં બેસાડવાનો ત્યાં નિયમ છે. એ માણસ ખાસ્સી સ્પીડમાં જઈ રહ્યો હતો. અચાનક પાછળની સીટમાં બેઠેલા બાળકે પોતાનો પટ્ટો ખોલી નાખ્યો. ચાઈલ્ડપ્રૂફ લૉક નહીં મારેલું હોય એટલે બારણું પણ ખોલી નાખ્યું. બરાબર એ જ વખતે કારે ઝડપથી વળાંક લીધો. વાહનની ગતિના કારણે એ બાળક ખુલ્લા બારણામાંથી બહાર ફેંકાઈ ગયું. પેલા માણસનું તરત જ ધ્યાન ગયું અને એની રાડ ફાટી ગઈ. કારણ કે જે વખતે બાળક જ્યાં ઊથલીને પડ્યું હતુ એ વખતે એ જ લેનમાં પાછળથી એક અન્ય કાર ધસમસતી આવી રહી હતી.

એ માણસે ઝડપથી પોતાની કાર સાઈડમાં લીધી. એને એવું જ હતું કે બે જ ક્ષણમાં એના બાળકને કચડીને પેલી કાર જતી રહેશે. હાથ હલાવીને પેલા ડ્રાઈવરને અટકાવવાનો પણ સમય નહોતો. એ બસ એટલું જ બોલી શક્યો કે ‘હે ભગવાન! તું જ એને બચાવજે!’

જાણે ભગવાને સાંભળી જ લીધું હોય એમ પેલી ધસમસતી આવી રહેલી કારના પૈડાં સખત જોરથી લાગેલી બ્રેકના કારણે ચિચિયારી પાડી ઊઠ્યા. ચારેય પૈડાં રોડ સાથે ઘસાઈને પેલા બાળકની સાવ નજીક જઈને ઊભા રહી ગયા. બાળકના બાપે દોડીને બાળકને ઉઠાવી લીધું. પછી એ ડ્રાઈવર તરફની બારી તરફ ગયો. જોયું તો એ ડ્રાઈવર બંને હાથે પોતાનું માથું પકડીને સ્તબ્ધ બનીને બેઠો હતો. પેલા બાપે પોતાના સાજાસમા બાળકને બતાવીને કહ્યું ‘અરે ભાઈ! દુઃખી થવાની જરા પણ જરૂર નથી. મારા બાળકને કાંઈ જ નથી થયું. તમે જ જોઈ લો! પરંતુ જો તમે સમયસર બ્રેક મારી ઊભા ન રહ્યા હોત તો...’ એ માણસને ડૂમો ભરાઈ આવ્યો. સહેજ અટકીને એ બોલ્યો, ‘બસ! મેં ભગવાનને પ્રાર્થના કરી કે હે પ્રભુ! એ કારને ગમે તેમ કરીને ઊભી રાખી દે અને બરાબર એ જ વખતે તમે બ્રેક મારી દીધી! થેંક્યુ વેરી મચ!’

‘પણ! પણ!’ પેલો ડ્રાઈવર થોથવાયો, ‘તમને કદાચ વિશ્વાસ નહીં આવે, પરંતુ હું મારી બ્રેકને અડક્યો પણ નથી!’

બંને જણ અવાચક બની ગયા!

ડૉ.આઈ.કે.વીજળીવાળા

વડાપ્રધાને રાજસ્થાનના ઝુંઝુનુથી રાષ્ટ્રીય પોષણ મિશનની શરુઆત કરી : દિકરીઓને ગર્ભમાં મારી નાખવા જેટલુ મોટુ કોઈ પાપ નથી,પીએમ એટલે પ્રાઈમ મિનિસ્ટર નહીં, પોષણ મિશન

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારના રોજ રાજસ્થાનના ઝુંઝુનુથી રાષ્ટ્રીય પોષણ મિશનની શરૂઆત કરી. પીએમ મોદીએ આ દરમ્યાન ત્યાં હાજર મહિલાઓ અને બાળકોને સંબોધિત પણ કર્યાં. પીએમએ હોલમાં પહોંચીને તમામ સાથે સીધો સંવાદ પણ કર્યો. અહીં રેલીમાં પીએમએ મહિલાઓ સાથે જોડાયેલ કેટલીક વાતો પણ કરી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ કાર્યક્રમમાં કહ્યું કે દુનિયામાં ૧૦૦ વર્ષથી પણ વધુ સમયથી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આજે આખો દેશ ઝુંઝુનુની સાથે જોડાયો છે. રેલીમાં પીએમે કહ્યું કે મારા વિરોધીઓને જેટલું સારું-ખોટું કહેવું હોય તે તેમની મરજી છે, જો હવે તેઓ પીએમ બોલે તો તેનો મતલબ નરેન્દ્ર મોદી (વડાપ્રધાન) નહીં પરંતુ પોષણ મિશન થવો જોઈએ. આ મિશનને આગળ ધપાવવામાં ઘણી મદદ મળશે. આપણે કુપોષણની વિરૂદ્ધ જંગ લડવી પડશે.

પીએમએ કહ્યું કે ઝુંઝુનું ઝૂકવાનું જાણતું નથી પરંતુ તે તો મુશ્કેલીઓથી ઝઝૂમવાનું જાણે છે. આપણા દેશમાં નારીને પૂજવામાં આવે છે પરંતુ એવું તે શું થયું કે દીકરીઓને બચાવવા માટે હાથ પગ જોડવા પડી રહ્યાં છે. અને સરકારોને બજેટ કાઢવું પડી રહ્યું છે. પીએમએ કહ્યું કે આજે જ્યારે દીકરા અને દીકરીઓના જન્મદરમાં અંતર જોવા મળે છે તો ખૂબ દુઃખ થાય છે. હવે લોકોએ નક્કી કરવાનું રહેશે કે જેટલાં દીકરાઓ પેદા થશે, એટલી જ દીકરીઓ પેદા થશે. જેટલું દીકરાઓ ભણશે તેટલું જ દીકરીઓ પણ ભણશે. તેની શરૂઆત આપણે આજથી જ કરવી જોઈએ.

પીએમે કહ્યું કે જો ઘરમાં સાસુ કહી દે કે આપણે દીકરી જોઈએ છે તો કોઈની હિંમત નથી કે દીકરી પેદા થતી રોકી શકે. દીકરીઓના જન્મ માટે જાગૃતતા ફેલાવી પડશે. પીએમ બોલ્યા કે અમારી સરકાર આવ્યા બાદ અમે હરિયાથી બેટી બચાવો બેટી પઢાઓને લૉન્ચ કરી. ત્યારબાદ ત્યાં દીકરીઓના જન્મદરમાં ઘણો સુધારો આવ્યો છે. આજે દેશમાં દીકરીઓ નામ રોશન કરી રહી છે. જે લોકો માને છે કે દીકરા છે તો વૃદ્ધાવસ્થામાં કામ આવશે તો આ ખોટું છે. મેં કેટલીય વખત જોયું છે કે દીકરા આરામની જિંદગી જીવતા હોય છે પરંતુ માતા-પિતા વૃદ્ધાશ્રમમાં રહે છે.

પીએમે કહ્યું કે હું સમજી વિચારીને ઝુંઝુનુ આવ્યું છું. ઝુંઝુનુ જિલ્લાએ બેટી બચાવો બેટી પઢાઓના અભિયાનને શાનદાર રીતે આગળ ધપાવ્યું છે. આથી હું મારી જાતને અહીં આવવાથી રોકી શકયો નહીં. બેટી બોજ નથી, બેટી આખા પરિવારની આન-બાન અને શાન હોય છે.

અકસ્માત બાદ કારમાં આગ લાગવાને લઈ અનેક સવાલો

ભાડજ પાસે ટ્રક સાથે કાર ટકરાતા આગ લાગી : ૩ યુવકો ભડથું

મૃતક યુવકોમાં મહેસૂલમંત્રી કૌશિક પટેલના વેવાઈના પુત્ર, કોંગી ધારાસભ્ય ભગવાનભાઈ બારડના ભત્રીજા અને અન્ય યુવક સામેલ : અન્ય બે ઈજાગ્રસ્ત

અમદાવાદ

શહેરની ફરતે આવેલા રિંગરોડ પર ભાડજ સર્કલ પાસે વહેલી પરોઢે પૂરઝડપે એક ફોક્સવેગન કાર કપચી ભરેલી હેવી ટ્રકમાં ઘૂસી જતાં વિચિત્ર અકસ્માત સર્જાયો હતો અને અચાનક જ કારમાં એકાએક આગ ફાટી નીકળી હતી. જેમાં કારમાં બેઠેલા પાંચ યુવાનો પૈકી ત્રણ યુવાનો આગમાં ભડથુ થઇ ગયા હતા, જયારે અન્ય બે યુવકો ગંભીર રીતે દાઝી ગયા હતા, તેમને સારવાર અર્થે તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માત બાદ કારમાં લાગેલી આગમાં ભડથુ થઇ ગયેલા ત્રણ યુવકોમાં રાજયના મહેસૂલપ્રધાન કૌશિક પટેલના વેવાઈના પુત્ર ધૈર્ય પટેલ, કોંગ્રેસના ધારાસભ્ય ભગવાન ભાઈ બારડના ભત્રીજા રાહુલ બારડ અને અન્ય યુવક રોમીલ પટવાનો સમાવેશ થાય છે. બીજીબાજુ, અક્સ્માતને પગલે કારમાં લાગેલી આગ અને તેમાં યુવકો કેવી રીતે ભડથું થઇ ગયા તે વાતને લઇ અનેક સવાલો અને તર્કવિતર્કો સાથે આશ્ચર્ય સર્જાયું છે. ખુદ પોલીસ પણ ગંભીરતાપૂર્વક સમગ્ર મામલાની તપાસ કરી રહી છે અને આ માટે ખાસ એફએસએલની મદદ પણ લેવાઇ છે. અકસ્માતમાં કારમાં લાગેલી આગમાં ત્રણ યુવકો ભડથુ થઇ ગયાના સમાચારને પગલે શહેર સહિત રાજયભરમાં ભારે અરેરાટીની લાગણી ફેલાઇ ગઇ હતી.

મુંબઈ બ્લાસ્ટનો આરોપી ૨૫ વર્ષ બાદ અંતે સીબીઆઈના સકંજામાં

દાઉદના સાગરિત ફારુક ટકલાને મુંબઈ લવાયો : પુછપરછનો દોર

દુબઈમાં ઝડપાયા બાદ ભારત લવાયો

મુંબઇ

સમગ્ર દેશને હચમચાવી મુકનાર મુંબઇ સિરિયલ બોમ્બ બ્લાસ્ટના આરોપી દાઉદ ઈબ્રાહિમના નજીકના સાગરીતની દુબઈમાં ધરપકડ કરવામાં આવ્યા બાદ આખરે તેને આજે દુબઈથી ભારત લાવવામાં આવ્યો છે. તેને દુબઈથી મુંબઇ લાવવામાં આવ્યા બાદ પુછપરછ હાથ ધરવામાં આવી છે. કેટલાક લોકો તેને દાઉદના જમણા હાથ તરીકે ગણે છે. તેની ધરપકડ બાદ સીબીઆઈને ફારુક પાસેથી કેટલીક મહત્વપૂર્ણ માહિતી મળી શકે છે. ટકલાને ભારત લાવવામાં આવ્યા બાદ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. ફારૂક ટકલા વર્ષ ૧૯૯૩માં મુંબઈમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટ થયા બાદ દેશમાંથી ફરાર થઇ ગયો હતો. તેની સામે વર્ષ ૧૯૯૫માં રેડ કોર્નર નોટીસ જારી કરવામાં આવી હતી. ફારૂખને આજે સવારે એર ઈન્ડિયાની ફલાઈટ મારફતે મુંબઇ લાવવામાં આવ્યા બાદ પોલીસને વધુ મોટી સફળતા મળે તેવી શક્યતા છે. સિનિયર વકીલ ઉજ્જવલ નિકમે કહ્યુ છે કે આ એક મોટી સફળતા છે. ફારૂક ટકલા મુંબઇ બ્લાસ્ટ સાથે સીધી રીતે જોડાયેલો છે. તેની ધરપકડ દાઉદને મોટા ફટકા સમાન છે. બીજી બાજુ એનસીપીના નેતા અને વરિષ્ઠ વકીલ માજિક મેમને કહ્યુ છે કે ટકલાને ભારત લાવવાની બાબત દર્શાવે છે કે તે પણ ટ્રાયલ ઈચ્છે છે. તેની કસ્ટડીની માંગ કરવામાં આવી છે.

એનડીએ સાથે છેડો ફાડવાની જાહેરાતના એક દિવસ બાદ ચર્ચા

ટીડીપી-ભાજપ ટસલ : મોદીની ચંદ્રાબાબુ નાયડૂ સાથે મંત્રણા

આંધ્રપ્રદેશને ખાસ દરજ્જો આપવાની માંગણીને ફગાવી દીધા બાદ ટીડીપી દ્વારા છેડો ફાડ્યો : પરસ્પર કેબિનેટમાંથી બંને પાર્ટીઓના પ્રધાનોના રાજીનામા

નવીદિલ્હી

આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવાને લઈને દેશની રાજનીતિમાં ગરમી આવી ગઈ છે. ટીડીપી દ્વારા એનડીએ સાથે છેડો ફાડી લીધાના એક દિવસ બાદ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંધ્રના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ સાથે ફોન પર વાત કરી હતી. જુદા જુદા વિષયો ઉપર અને ખાસ કરીને આંધ્રને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાના મુદ્દા પર ચર્ચા થઇ હોવાનું જાણવા મળ્યું છે. આંધ્રપ્રદેશને ખાસ દરજ્જો આપવાની ટીડીપીની માંગને ફગાવી દીધા બાદ કેન્દ્રીય કેબિનેટમાંથી તેમની પાર્ટીના બે પ્રધાનો રાજીનામુ પણ આપી ચુક્યા છે. બંને વચ્ચે વિસ્તારપૂર્વક વાતચીત થઇ હતી. ટીડીપીના બે પ્રધાનો અશોક ગજપતિ રાજુ અને વાયએસ ચૌધરીને રાજીનામુ આપી દેવા માટે કહેવામાં આવી ચુક્યું છે. આજે સાંજ આ બંને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. ચંદ્રબાબુ નાયડુએ ભાજપના પ્રધાનોના રાજીનામાના સમાચાર બાદ રાજ્ય વિધાનસભામાં આજે કહ્યું હતું કે, કેન્દ્રીય કેબિનેટમાં અમારા પ્રધાનો અને અમારી કેબિનેટમાં ભાજપના પ્રધાનોએ રાજીનામા આપી દીધા છે. જો કે, આ પ્રધાનો રાજ્યમાં ખુબ સારી કામગીરી કરી રહ્યા હતા. તેમના વિભાગોમાં નોંધપાત્ર સુધારા લાવવામાં આવ્યા હતા. તેમની સેવા માટે અમે તેમનો આભાર માનીએ છીએ. રાજીનામાનો સિલસિલો જારી રહ્યો છે. આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવાના મુદ્દે ભાજપ અને ટીડીપી વચ્ચે જારી ખેંચતાણ વચ્ચે રાજીનામાનો દોર ચાલી રહ્યો છે. ટીડીપીના વડા અને આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન ચન્દ્રબાબુ નાયડુએ બુધવારના દિવસે એનડીએ સાથે છેડો ફાડી લેવાની જાહેરાત કર્યા બાદ હવે બંને આમને સામને આવી ગયા છે.

ગાંધીનગરમાં જનજાગૃત્તિ રેલીને પ્રસ્થાન કરાવ્યું

રૂપાણીએ સ્ત્રી ભ્રુણ હત્યા મુક્ત ગુજરાતની નેમ વ્યક્ત કરી

રાજ્યમાં સમગ્ર વર્ષ દરમિયાન બેટી બચાવો, બેટી પઢાવો જન આંદોલન ચાલે છે : મહિલા દિવસે અનેક કાર્યક્રમો

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ગરિમામય ઉજવણી રૂપે ગાંધીનગરમાં બેટી બચાવો બેટી પઢાઓ જનજાગૃતિ રેલીને પ્રસ્થાન કરાવતાં સ્ત્રી ભૃણ હત્યા મુક્ત ગુજરાતના નિર્માણની નેમ વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ પાટનગરની સિવિલ હોસ્પિટલથી આ રેલીને નગરના રાજમાર્ગો પર પ્રસ્થાન કરાવ્યું હતું.

૧૦ હજારથી વધુ માતા-બહેનો-દિકરીઓ આ મહારેલીમાં જોડાઈ હતી. મહિલા બાઈકર્સ, મહિલા ઘોડેશ્વાર અને મહિલા પોલીસ બેન્ડે રેલીની આગેવાની કરી હતી. વિજય રૂપાણીએ આ પ્રસંગે જણાવ્યું કે, નારી તું નારાયણીનો સનાતન ભાવ આપણે સાકાર કર્યો છે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે કહ્યું કે જે સમાજ મહિલાશક્તિનું ગૌરવ-સન્માન જાળવતો નથી તે પ્રગતિ-વિકાસ સાધી શકે જ નહિ. મુખ્યમંત્રીએ ઘટતા જતા સ્ત્રી જન્મદર પ્રત્યે અંગૂલી નિર્દેશ કરતાં સ્ત્રી-પુરૂષ સંતુલન જાળવવા રાજ્યમાં દિકરી જન્મને પ્રોત્સાહિત કરવા સૌને અનુરોધ કર્યો હતો. વિજય રૂપાણીએ રાજ્યમાં સમગ્ર વર્ષ દરમ્યાન બેટી બચાવો-બેટી પઢાઓનું જનઆંદોલન રાજ્ય સરકાર પ્રજા સહયોગથી ચલાવશે તેમ પણ ઉમેર્યું હતું. તેમણે સ્ત્રી ભૃણ હત્યા કરાવનાર સામે કાયદેસરની નિયમાનુસાર કડક કાર્યવાહી કરવાનો પણ પૂનરોચ્ચાર કર્યો હતો. ટ

પાલનપુરમાં ખંડણી ન આપતાં વેપારી ઉપર ચપ્પાથી હૂમલો

ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે ખસેડાયો

પાલનપુર

પાલનપુરના ઢાળવાસ વિસ્તારમાં ખંડણીની માંગ સાથે પાંચ જેટલા શખ્સોએ એક વેપારી ઉપર ચપ્પાથી હૂમલો કરતાં ભારે દોડધામ મચી જવા પામી હતી. ઈજાગ્રસ્ત વેપારીને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પાલનપુરમાં શહેરના ઢાળવાસ વિસ્તારમાં લેડીઝ કપડાની દુકાન ધરાવતા ૨૪ વર્ષીય અબુસુફિયાન નાગોરી દુકાનમાં હતા. ત્યારે એકટિવા લઈને આવેલા શખ્સોએ તેમની પાસેથી રૂપિયા ૫૦૦૦ની ખંડણી માંગી હતી. જે નાણાં આપવાની ના પાડતાં ઉશકેરાયેલા શખ્સોએ તેમની ઉપર ચપ્પાથી હૂમલો કરી હાથના ભાગે ઈજાઓ પહોચાડી હતી. ઘટનાને પગલે ભારે દોડધામ મચી જવા પામી હતી. દરમિયાન હૂમલાખોરો નાસી ગયા હતા. જ્યાં દોડી આવેલા વેપારીના પરિવાર જનોએ તેને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો.

હુમલાખોરો ફરાર

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા અબુસુફીયાન નાગોરીએ જણાવ્યું હતુ કે, એકટીવા નં. જીજે. ૦૮. બીજે. ૬૭૨૩ ઉપર આવેલા શખ્સોએ મારી ઉપર હૂમલો કર્યો હતો. જોકે, આજુબાજુના વેપારીઓ દોડી આવતાં આ શખ્સો એકટિવા મુકીને નાસી છુટ્યા હતા.

બનાસકાંઠા જિલ્લામાં આઈ.ટી.ના દરોડા

પાલનપુર, ડીસા,થરાદ અને ઈકબાલગઢમાં દરોડા પડ્યા

ડીસા

બનાસકાંઠા જિલ્લાના ઈકબાલગઢ, થરાદ અને ડીસામાં આવકવેરા વિભાગની ટીમે આકસ્મિક દરોડા પાડતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. રાજ્ય સરકાર ડીજીટલાઈઝેશનને પ્રાથમિકતા આપી રહી છે. વેપારીઓની કરચોરી સહિતના ગુના અટકાવવા જી.એસ.ટી.નો કડક કાયદો અમલી બનાવ્યો છે. તેમ છતાં કેટલાક વેપારીઓ કાયદાની છટકબારીઓનો ઉપયોગ કરે છે. તેમની સામે આવક વેરા વિભાગે લાલ આંખ કરી છે. જેના ભાગરૂપે અમદાવાદ અને પાલનપુર આવકવેરા વિભાગની ટીમે ગઈકાલે ઈકબાલગઢ સાડી શોરૂમ થરાદ અને ડીસામાં જ્વેલર્સની દુકાનમાં અચાનક દરોડા પાડી દસ્તાવેજોની ચકાસણી હાથ ધરી હતી. જેથી વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

પાલનપુરમાં સોનાચાંદીના વેપારીને ત્યાં આઈ.ટી ના દરોડા...

પાલનપુર શહેરમાં આવેલ સોની ચન્દ્રકાન્ત મંગળદાસ જવેલર્સ નામની પેઢીમાં દરોડા પડ્યા હતા. આ ઉપરાંત થરાદ,ડીસ,ઈકબાલગઢ બાદ પાલનપુર માં આઈ.ટી ની ટિમ ની કાર્યવાહી મોડી રાત સુધી ચાલુ કહી હતી.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ. રમેશ આઈ. પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટ્યુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

વર્ષોની પરંપરા... આતુરતાનો અંત...
આવી રહી છે રખેવાળની વાર્ષિક લવાજમ યોજના ટુંક સમયમાં જ...

સૂર્યોદય - ૭.૫૭ સૂર્યાસ્ત - ૬.૪૭

તિથિદર્શન

ફાગણ વદ ૮ શુક્રવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ફાગણ વદ : આઠમ શુક્રવાર નક્ષત્ર: જયેષ્ઠા રાત્રે ૩.૨૭ પછી મુળ યોગ :વજ્ર કરણ :બાલવ આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.) રાત્રે ૩.૨૭ પછી ધન (ભ.ફ.ધ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

દીનાં દીનમુખૈસ્તૈ વ
શિશુકૈરાકૃષ્ટ જીર્ણામ્બરાં ક્રોશાદ્ધિઃ
ક્ષુધતૈર્નિન્નવિધુરાં પશ્યેન્ન ચેદ્ગેહિનીમ્
યાંચા ભંગભયેન ગદગદ દગ
ત્રુયદ્વિલીનારં કોઈ દેહીતિ વદેત્સવ
દગ્ધજઠરસ્યાર્થે મનવી જનઃ

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ ‘ઉદર ભરવાનો રોગ’ (ભૂખ) નો આ શ્લોક છે:

ભૂખ્યાં અને ગરીબડાં જેવા બાળકો, માતા કે જેણે તદ્દન જીર્ણ વસ્ત્રો પહેર્યા છે, જે ખેંચતાં જ ફાટી જાય એવાં છે તેને ખેંચી રહ્યાં છે, અને એવી જેના ઘરમાં -ઝૂંપડામાં અન્નનો એક દાણો પણ નથી એ સ્ત્રી પોતાનાં બાળકોને ભૂખથી બેહાલ થતાં જોઈ રહી છે, એવી સ્ત્રીના પતિ- મનસ્વી જન- પોતાના નિષ્ફળ સંસારને જોઈ, હતાશના ભયમાં- લોચા વાળતી જીભે- અસ્પષ્ટ વાણીમાં કરગરી- ગદ્‌ગદ સ્વરે પોતાના બળેલા પેટ માટે ‘આપો’ શબ્દ લાચાર થઈને ન બોલે તો શું કરે?! લૂંટારા- ચોર- ભિક્ષુકોનું સર્જન આપણે જ કરીએ છીએ. અસમતોલ સમાજ, અસહિષ્ણુ સમાજ માત્ર ને માત્ર સ્વાર્થ સાધી માનવતા તરફ આંખ મિંચામણા કરે ત્યારે ન્યાય અને સત્યને દાબી દઈ ‘શોષણ’ કરવા લાગે ખેડૂતની જમીન છીનવી લે, વેપારી વ્યાજથી શોષણ કરે, ત્યારે દબાયેલા-કચડાયેલા સમાજની સહનશક્તિની હદ આવી જાય છે અને લૂંટ- ચોરી કે ‘ભીખ’ ને રવાડે ચડી જાય છે. કોઈ પણ સ્વમાની ભિક્ષા માટે ઈચ્છુક હોતો નથી. આ સમાજનો દોષ છે. પત્ની-બાળકોની ભૂખની પરિસ્થિતિથી જ માનવીને ‘ભીખ’ માગવા લાચાર બનાવે છે.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.)ભાઇ-બહેનની મદદ મળે. વ્યર્થ ચિંતા દૂર થાય
વૃષભ : (બ.વ.ઉ.)નવિન ઓળખાણ થાય. પ્રિયજનથી વિરહ રહે.
મિથુન : (ક.છ.ઘ.)મૂંઝવણમાંથી માર્ગ મળે. જીવનસાથી દ્વારા માન મેળવી શકશો.
કર્ક : (ડ.હ.)કુટુંબમાં મતભેદ ઊભા થાય. નવિન જવાબદારી આવી પડે.
સિંહ : (મ.ટ.)કુટુંબથી દૂર રહેવું પવડે. આકસ્મીક ધન લાભ મેળવી શકશો.
કન્યા : (પ.ઠ.ણ.)માનસિક અસ્વસ્થતા રહે. જીવનસાથી સાથે વિવાદ ઊભો થાય.
તુલા : (ર.ત.)આર્થિક લેવડ-દેવડમાં સંભાળવું. કોર્ટ-કચેરીના કાર્યમાં નિષ્ફળતા મળે.
વૃશ્ચિક : (ન.ય.)આરોગ્ય બાબતે સાવચેત રહેવું. આર્થિક મૂંઝવણ સતાવે.
ધન : (ભ.ફ.ધ.) પરિવારમાં યશ, વૃદ્ધિ રહે. માંગલિક પ્રસંગનું આયોજન થાય.
મકર : (ખ.જ.)પ્રવાસમાં નિષ્ફળતા, કુટુંબજીવનનો સુખદ અનુભવ થાય.
કુંભ : (ગ.શ.સ.)મનમાં વ્યગ્રતા રહે. નાણાંકીય સમસ્યા હલ થાય.
મીન : (દ.ચ.જ.થ.)માર્ગમાં અવરોધ દૂર થાય. પરિશ્રમનો ભરપૂર લાભ ઉઠાવી શકશો.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

અર્વાચીન ગુજરાતી સાહિત્યના આદ્ય વિવેચક શ્રી નવલરામની જન્મ જયંતિ છે.

એમનો જન્મ તા. ૯-૩-૧૮૩૬ના રોજ સુરતમાં વિસનગર નાગર બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો.

એમનું ‘ભટનું ભોપાળું’ નામનું નાટક મોલિયર ફ્રેન્ચ નાટકનું રૂપાંતર હોવા છતા એની સફળ સ્વાભાવિકતાને કારણે ગુજરાતી સાહિત્યમાં એ મૂળ કૃતિ જેટલું જ આદર પાત્ર ગણાયું છે.

આ મહાન સાહિત્યકારનું તા. ૭-૮-૧૮૮૮ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા સબૂર..... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

Ek. 09.03.2018 ™k hks Mxkf {kfx xize„ ,Ë¼....

નિફ્ટી ફ્યુચર ૧૦૨૩૦ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!

તા. ૦૮.૦૩.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૨૩૩ પોઈન્ટ :-

આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૩૦૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૩૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૨૦૨ પોઈન્ટ થી ૧૦૧૭૩ પોઈન્ટ, ૧૦૧૬૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૨૭૨ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

તા. ૦૮.૦૩.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૪૪૯૯ પોઈન્ટ :-

આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૨૪૦ પોઈન્ટના પ્રથમ અને ૨૪૦૨૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૪૬૪૦ પોઈન્ટ થી ૨૪૭૦૭ પોઈન્ટ, ૨૪૭૭૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૪૭૭૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

nðI skEy yI„Œ yr¼«kÞY…e Vâ[h Mxkf.....

બાયોકોન લિમિટેડ (૬૦૪) :- ટેકનોલોજી ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૫૯૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૫૭૬ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૬૧૯ થી રૂ.૬૨૪ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૬૩૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

હેવલ્સ (૫૦૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૪૮૬ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૪૮૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૫૧૭ થી રૂ.૫૨૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

DHFL (૪૯૩) :- રૂ.૪૭૩ નો પ્રથમ તેમજ રૂ.૪૬૦ ના બીજા સપોર્ટથી ફાઇનાન્સ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૫૦૭ થી રૂ.૫૧૭ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

અરવિંદ લિમિટેડ (૩૯૮) :- ટેક્ષટાઈલ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૪૦૯ થી રૂ.૪૧૪ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૩૮૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

અદાણી પોર્ટ (૩૯૧) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૭૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક પોર્ટ સર્વિસ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૪૦૪ થી રૂ.૪૧૪ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

ACC લિમિટેડ (૧૫૪૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૫૭૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૫૩૦ થી રૂ.૧૫૧૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૫૯૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

એશિયન પેઈન્ટ્સ (૧૧૩૨) :- રૂ.૧૧૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૬૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૧૧૯ થી રૂ.૧૧૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૭૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

મહિન્દ્રા & મહિન્દ્રા (૭૨૫) :- ઓટો સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૭૪૪ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૭૧૭ થી રૂ.૭૦૯ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

તાતા સ્ટીલ (૬૩૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ સ્ટોક રૂ.૬૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૬૧૯ થી રૂ.૬૦૯ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૬૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

ટેક મહિન્દ્રા (૬૦૬) :- રૂ. ૬૧૬ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૨૬ ના સ્ટોપલોસે વેચવાલાયક ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ. ૫૯૦ થી રૂ. ૬૮૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૬૩૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

વડગામના જલોત્રા ગામે ‘નન્ની પરી અવતરણ’ કાર્યક્રમ યોજાયો

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના પાવન પ્રસંગે વડગામ તાલુકાના જલોત્રા નગરે બે નન્ની પરીઓનું અવતરણ થતાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જન્મ દિવસની ઉજવણી કરી બન્ને બાળકીઓને રાજ્ય સરકાર દ્વારા ચાંદીનો સિક્કો- મમતાકીટ્સ અને મીઠાઈનું વિતરણ કર્યુ હતું. આ અંગે તા. આરોગ્ય અધિકારી ડૉ.વિક્રમભાઈ ગઢવી, મુખ્ય સેવિકા હંસાબેન હીરવાણીયા, માહિતી અધિકારી યાસીનભાઈ ડોડીયા, મેડીકલ ઓફિસર ડૉ.નિમીકાબેન પટેલે બેટી બચાવો બેટી વધાવો કાર્યક્રમની જાણકારી આપી હતી. જલોત્રા સરપંચ મંજુલાબેન માંઘજીભાઈ રાણાએ પણ નન્ની પરીઓનું સ્વાગત કર્યુ હતું. ચંદ્રિકાબેન સુરેશભાઈ પરમાર અને ડાહ્યીબેન દલાભાઈ બન્ને મહિલાઓએ નન્ની પરીને જન્મ આપતાં કાર્યક્રમ યોજાયો હોવાનું તા. આરોગ્ય અધિકારી વી.એ. ગઢવીએ જણાવ્યું હતું.

મહિલા શક્તિના અધ્યાત્મ સશક્તિકરણ દ્વારા શ્રેષ્ઠ સમાજની રચના સમયની અનિવાર્યતા : બ્રહ્માકુમારી સુરેખાબેન

આંતરરાષ્ટ્રિય મહિલા દિવસે ડીસામાં સ્નેહ મિલન યોજાયું

ડીસા

“મહીલા શક્તિ દ્વારા શ્રેષ્ઠ સમાજની સ્થાપનાનું કાર્ય બ્રહ્માકુમારીઝ દ્વારા થઈ રહેલ છે જેમાં લાખો બહેનો-માતાઓએ પોતાના અધ્યાત્મ સશક્તિકરણ દ્વારા પોતાની શક્તિનો પરીચય આપેલ છે” આ શબ્દો ડીસા સેવાકેન્દ્ર સંચાલિકા બ્રહ્માકુમારી સુરેખા બહેને સેવાકેન્દ્ર પર યોજાયેલ મહિલા સ્નેહ મિલનમાં ઉચ્ચારેલ

બહેને આગળ જણાવેલ કે વર્તમાન સમયે જ્યારે પરિવારોમાં તનાવ-અશાંતિ-પરસ્પર મત મતાંતરો વધતા રહ્યા છે ત્યારે મહિલા શક્તિ પોતાના અધ્યાત્મ સશક્તિકરણ દ્વારા શ્રેષ્ઠ સમાજની રચના સહજ કરી શકે છે જે સમયની અનિવાર્યતા છે.

સમારંભમાં શહેરની મોટી સંખ્યામાં ઉપસ્થિત બહેનોને બહેને સંગઠીત થવા સંકલ્પ લેવડાવી નિયમિત ઈશ્વરીયજ્ઞાન અને રાજયોગ દ્વારા વ્યક્તિગત સશક્તિકરણ માટે શપથ લેવડાવેલ.

અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વની મહિલાશક્તિથી સંચાલિત બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય સૌથી વિશાળ સંસ્થા જેમાં ૫૦ હજાર રાજયોગી તપસ્વી બહેનોનું સંગઠન વિશ્વ મહાપરિવર્તનના ઈશ્વરીય કર્તવ્યમાં અથક, નિસ્વાર્થ ભાવે વિશ્વમાનવ સેવામાં સમર્પિત છે જેના વડા ૧૦૩ વર્ષિય દાદી જાનકીજી આજે પણ વૈશ્વિક પ્રતિભા ધરાવે છે જે વિશ્વની લાખો મહિલાની શક્તિના ઉત્થાન માટે પ્રેરણાદાયી છે.

થરાદના કળશ લવાણામાં ત્રિદીવસીય ભાતીગળ મેળાનો પ્રારંભ

(વિષ્ણુ દવે)

શહેરના નાંણદેવી અને તાલુકાના લુણાવા ગામમાં પણ ભાવિકો ઉમટ્યા

(પ્રતિ.) થરાદ

થરાદના કળશ (લવાણા) ગામમાં શિતળા માતાજીના મંદીરે તથા લુણાવા ગામમાં માતાજીના સ્થાનકે અને થરાદ શહેરના નાંણદેવી માતાજીના મંદીરે ગુરૂવારે શિતળા સાતમ નિમિત્તે માતાજીના ભવ્ય અને ભાતીગળ લોક મેળા યોજાયા હતા.લુણાવા કળશના સરપંચ એસ જે ચૌધરીએ જણાવ્યું હતું કે મેળામાં ગુજરાત ઉપરાંત રાજસ્થાનથી પણ બહોળી સંખ્યામાં મહિલા પુરૂષ શ્રધ્ધાળુઓએ ઉપસ્થિત રહી માતાજીનાં દર્શન કરી તેમની બાધા માનતા અને આખડીખો પુર્ણ કરી હતી.

થરાદના ઇન્ચાર્જ પી.આઇ. બી આર પટેલે મેળામાં કોઇ અનિચ્છનીય બનાવ ન સર્જાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો. લોકોએ મેળામાં મોતનો કુવો, ચકડોળ, હુડી તથા મીઠાઇ, કટલરી, ઠંડાપીણાં અને ખાણાંપીણાંના બજારમાં તથા શેરડીની ખરીદી કરવાની મજા માણી હતી. મેળામાં હૈયેહૈયુ દળાય એવી બહોળી સંખ્યામાં આજુબાજુ અને દુરદુરના ગામોમાંથી લોકો ઉમટી પડ્યા હતા. થરાદ શહેરનાં નાંણદેવી માતાજીના મંદીરે પણ નગરજનો પગપાળા દર્શનાર્થે આવતાં માર્ગો પર ચહલપહલ જોવા મળી હતી.

વડગામ આદર્શ વિદ્યાલયમાં રેલી યોજાઇ

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

ગતરોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિનના ઉપક્રમે તા. ૮/૩/૨૦૧૮ ને ગુરૂવારે વડગામ આદર્શ વિદ્યાલય ખાતે ‘બેટી બચાવો બેટી પઢાવો’ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા રેલી યોજાઈ હતી. તા.પં. પ્રમુખ માનસંગભાઈ ઉપલાણા, સરપંચ ભગવાન સિંહ સોલંકી દ્વારા લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. તા. આરોગ્ય અધિકારી ડૉ.વિક્રમભાઈ ગઢવી, સામંતસિંહ સોલંકી, આરોગ્ય સ્ટાફ વગેરે જોડાયા હતા.

શ્રી સરસ્વતી વિદ્યાલય-ભરડવામાં ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

વિષ્ણુ પરમાર

તા.પ્રતિનિધિ વાવ

સરસ્વતી વિદ્યાલય-ભરડવામાં ધો.૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વિદાય પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદાય સમારંભમાં ટ્રસ્ટી કરમણભાઈ (મંત્રી) દાતા રાજપુર રામસંગજી રાજપુત વિદ્યાર્થીઓના વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં શાળાના આચાર્યએ વિધિવત સાથે આ કાર્યક્રમને ખુલ્લો મુકી આવેલ મહેમાનોનું ફૂલ આપી સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપ્યું હતું.

વિદાય સમારંભ પ્રસંગે ઉપસ્થિત દાતા રામસંગભાઈ રાજપુત તરફથી ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને બોલપેન ભેટ આપવામાં આવી અને બોર્ડ પરીક્ષામાં પ્રથમ, દ્વિતિય તેમજ તૃતીય નંબર મેળવનાર અને ૭૦ % ટકા ઉપર લાવનારને ઈનામની જાહેરાત કરવામાં આવી. ત્યારબાદ તમામ બાળકોને મીઠાઈની પ્રસાદી આપી ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને વિદાય ગીત દ્વારા વિદાય આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પી.કે.પટેલે કર્યુ હતું.

શ્રી સર્વોદય પ્રાથમિક વિદ્યાલય, કાંટ ખાતે ‘રમતોત્સવ’ યોજાયો

ડીસા

શ્રી સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી સર્વોદય પ્રાથમિક વિદ્યાલય કાંટ ખાતે તા. ૦૬/૦૩/૧૮ ને મંગળવારના રોજ ‘રમતોત્સવ’ યોજવામાં આવ્યો. ‘રમતોત્સવ’ ની શરૂઆતમાં શાળાના પ્રમુખ ઈશ્વરભાઈ મિસ્ત્રી, વિક્રમભાઈ શેઠ, ડૉ.રાજુલબેન દેસાઈ, કલ્પેશભાઈ ઠક્કર, વેડંચિયા ભારતીબેન, પ્રા.આચાર્ય રમેશભાઈ સોલંકી દ્વારા મશાલ પ્રગટાવીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો. શાળાના ધો.૧ થી ૮ ના બાળકોએ સંગીત ખુરશી, સિક્કા શોધ, બાસ્કેટ દડી, સ્લો સાઈકલ, કબડ્ડી, ક્રિકેટ, લીંબુ ચમચી, ખો- ખો અને રસ્સાખેંચ જેવી રમતોમાં ભાગ લઈ ખુબ સારો દેખાવ કર્યો હતો. પ્રા.આચાર્ય રમેશભાઈ અને દશરથભાઈ તરફથી શાળાના તમામ બાળકોને નાસ્તો આપવામાં આવ્યો.

દરેક રમતમાં ૧ થી ૩ નંબરો આપવામાં આવ્યા. કબડ્ડી, ક્રિકેટ, રસ્સાખેંચ અને ખો- ખો જેવી રમતોમાં વિજેતા ટીમોને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા. રમતમાં ભાગ લેનાર દરેકને એનર્જી ગ્લુકોઝનો શરબત આપવામાં આવ્યો હતો. આ સંપુર્ણ કાર્યક્રમનું સંચાલન પી.ટી.શિક્ષક દશરથભાઈ અને પ્રા.વિભાગના સ્ટાફમિત્રો થકી કરવામાં આવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે

વાવ ‘‘બ્લોક હેલ્થ કચેરી’’ દ્વારા રેલી કાઢી ઉજવણી કરાઈ

વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વાવ બ્લોક હેલ્થ કચેરી દ્વારા સવારે ૧૧:૦૦ કલાકે મહેતા એન.એસ. વિનય મંદિર વાવ ખાતેથી નવા બસસ્ટેન્ડ સુધી એક રેલી યોજાઈ હતી.

જેમાં વિવિધ બેનરો લગાવાયા હતા. તેમજ ‘‘બેટી બચાવો, બેટી પઢાવો’’ ભ્રૂણ હત્યા અટકાવોના સૂત્રોચ્ચાર પોકાર્યા હતા. આ રેલી હાઈવે ચાર રસ્તા, સિવિલ કોર્ટ રોડ, પશુ દવાખાના વિસ્તાર, રેફરલ હોસ્પિટલ, ભણશાલી ટ્રસ્ટ વિસ્તારથી માંડી બસસ્ટેન્ડ પહોંચી હતી.

રેલી વાવ શહેરમાં આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી. ગામના સરપંચ ઠાકરસીભાઈ વેણે રેલીને રેલીને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. રેલીમાં વિનય મંદિર વાવની વિદ્યાર્થીનીઓ તેમજ આરોગ્ય વિભાગની પરિચારીકાઓ જોડાઈ હતી. બ્લોક હેલ્થ કચેરી દ્વારા રેલીનું સુંદર આયોજન કરાયું હતું.

જે પ્રસંગે ટી.આઈ.સી.ઓ ગોસ્વામી, ટી.એચ.વી. સવિતાબેન સામઢીયા, મહેતા એન.એસ. વિનય મંદિર વાવના પ્રિન્સીપાલ ગોસ્વામી વાવના મ.પ.હે.વ. તેમજ આરોગ્ય સ્ટાફના મિત્રો વિનય મંદિરની વિદ્યાર્થીનીઓ તેમજ પારિચારીકા બહેનો જોડાઈ હતી.

જુનાડીસા હાઈસ્કુલમાં ધો.૧૦-૧૨ ના વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ

જુનાડીસા

ગત તા.૭/૩/૨૦૧૮ સવારે ૧૦:૦૦ કલાકે શાળાના પ્રાંગણમાં ધો.૧૦,૧૨ નો દિક્ષાંત સમારોહ યોજાયો. આજના પ્રસંગે અધ્યક્ષ સ્થાને સ્વામી નારાયણ ગુરૂકુળ પાલનપુરના પરમ પૂજ્ય શ્રી રંગસ્વામી બાપુ તથા મુખ્ય મહેમાન સ્થાને ભૂતપૂર્વ આચાર્ય પી.વી.રાજગોર તથા જિલ્લા આચાર્ય સંઘના મહામંત્રી જયેશભાઈ જોષી તથા અતિથિ વિશેષમાં તાલુકા પંચાયત જુનાડીસા સદસ્યના પ્રતિનિધિ પિયુષભાઈ પુનડીયા, પ્રવિણભાઈ મોદી તથા સરપંચ બબાભાઈ ખટાણા તથા ડેપ્યુટી સરપંચ ફારૂકભાઈ દાણી, દલાભાઈ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવેલ. વાલીમંડળના પ્રમુખ ગુલાબકાકા ઉપસ્થિત રહેલ. શાળાના આચાર્ય પી.વી. મહેતા તથા સુપરવાઈઝર એસ.ડી. ચેનવાએ સૌ મહાનુભાવોને આવકારી તેમનો આભાર માન્યો હતો. શાલ- ફુલહારથી સ્વાગતિત કર્યા. શાળાની વિદ્યાર્થીની હિનાબેન જોષીએ શાળાના સંસ્મરણોને વાગોળી સૌને લાગણી ભીના બનાવી દીધા હતા. શિક્ષક મહેન્દ્રભાઈએ ગુરુની શિખામણ સમાન વિદાયગીત ગાઈ લાગણીભીના બનાવી દીધા હતા. ગુરુકુળના સ્વામી શ્રી રંગસ્વામી બાપુ તથા પી.વી.રાજગોરે વિદ્યાર્થીઓને ગમે તેવી કસોટીથી ન ગભરાતા જીવનના ધ્યેય તરફ આગળ વધવા હાંકલ કરી હતી.સૌ સ્ટાફમિત્રોએ વિદ્યાર્થીઓને આશિર્વચન આપ્યા કાર્યક્રમનું સંચાલન શાંતિભાઈ જોષીએ કર્યુ.

આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી પ્રસંગે

પાલનપુર ખાતે નન્ની પરી અવતરણનો કાર્યક્રમ યોજાયો

સંજય જોષી

પાલનપુર

તા. ૮ મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી પ્રસંગે બનાસકાંઠા જિલ્લામાં દિકરી જન્મના વધામણાં કરવા નન્હી પરી અવતરણનો કાર્યક્રમ પાલનપુર સીવીલ હોસ્પીટલમાં કલેકટરશ્રી દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત તા. ૮ મી માર્ચે જન્મનાર દિકરીઓને કલેકટરના હસ્તે ૫ ગ્રામ ચાંદીનો સિક્કો અને મમતા કીટ જેમાં ઝભલું, ટોપી, હાથ-પગના મોજા, ફરવાળો રૂમાલ, સાબુ, ફલાલીન/સેનેટરી નેપકીન સહિત આકર્ષક પેકીંગમાં મીઠાઇનો ડબ્બો અને ગુલાબનું ફૂલ આપી દિકરીઓનું હર્ષોલ્લાસભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. કલેકટરએ દિકરીને જન્મ આપનાર માતાના ખબરઅંતર પૂછી બાળકોના આરોગ્ય વિશે ડૉકટરો સાથે ચર્ચા કરી હતી. ત્યારબાદ કલેકટરશ્રીએ મહિલા રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે પાલનપુર નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી નીલમબેન જાની, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અમિત અરોરા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ર્ડા.અરૂણ આચાર્ય, સીવીલ સર્જનશ્રી ર્ડા.પટ્ટીવાલા, અગ્રણી શ્રી મુન્નાભાઈ ગુપ્તા, સુશ્રી પ્રફુલ્લાબેન પટેલ, મીતાબેન સોની, ન.પા.પૂર્વ પ્રમુખ શ્રીમતી હર્ષાબેન મહેશ્વરી સહિત સારી સંખ્યામાં મહિલાઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડીસા રાજપુરનું સુકુન પાર્ક ગંદકીમાં ગરકાવ

ઘેર ઘેર બાળકો તાવના ભરડામાં સપડાયા

દોઢ મહિનાથી સફાઈ ન થતાં ફેલાયો રોગચાળો

જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ડીસાના રાજપુર ચાર રસ્તા પાસે આવેલ સુકુન પાર્કમાં છેલ્લા દોઢ મહિનાથી સફાઈ ન થતા ઠેરઠેર કચરાના ઢગ ખડકાયા છે. તથા ગંદા પાણીના તળાવો ભરાઈ જતાં મચ્છરોનો ઉપદ્રવ વધી જવાથી ઠેરઠેર લોકો રોગના ભરડામાં સપડાઈ જવા પામ્યા છે.

આ અંગે સ્થાનિક રહીશ ઈરફાનભાઈ (તવક્કલવાળા) એ ડીસા પાલિકા પ્રમુખને રૂબરૂ જાણ કરેલ. છતાં કોઈ પગલા ભરાતા નથી.જેથી સ્થાનિક રહીશોમાં રોષ જોવા મળી રહ્યો છે.

ઘેર ઘેર નાના બાળકો તાવના રોગમાં સપડાયેલ નજરે પડે છે. જો તાત્કાલિક સફાઈ હાથ ધરવામાં નહી આવે તો લોકો રોગના ભરડામાં સપડાઈ જશે તો તેની તમામ જવાબદારી ન.પા.ની રહેશે. ન.પા. દ્વારા તાત્કાલિક સફાઈ હાથ ધરી લોકોને રોગના ભરડામાંથી બચાવે તેવી જનમાંગ છે.

ધાનેરા પ્રા.શાળામાં દારૂડીયા તત્વોના ત્રાસ સંદર્ભે પી.આઈ.નું ગેરવર્તન

પત્રકારને ધમકી આપી હોવાનો આક્ષેપ

ધાનેરા પગાર કેન્દ્ર શાળા
એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાની પ્રાથમિક શાળામાં પૂર વખતે કમ્પાઉન્ડ વોલ પડી ગઈ હતી જે આજદીન સુધી તંત્ર દ્વારા તૈયાર ન થતાં સ્કૂલમાં દારૂડીયા તત્વોને મોકળુ મેદાન મળી ગયેલ છે. જેનાથી દરરોજ સવારે વિદ્યાર્થીઓને આવી પહેલા દારૂની બોટલો વીણીને ફેક્વી પડે છે. ત્યારબાદ અભ્યાસ શરૂ થાય છે. જે મીડીયાને ધ્યાને આવતાં આખબારોમાં સમાચાર છપાતાં મીડીયાનું મોઢુ બંધ કરવા ધાનેરા પી.આઈ. દ્વારા ફોન દ્વારા ધમકી આપવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ધાનેરા પ્રા.શાળા આચાર્ય દ્વારા ચાર વખત છેલ્લા આઠ મહિનામાં પી.આઈ.ને લેખીત જાણ કરેલ કે સ્કૂલમાં દારૂડીયાઓનો ત્રાસ છે. છતાં પોલીસ તંત્ર કે સરકારી વહીવટી તંત્ર દ્વારા નક્કર પગલાં ભરાતા નથી. તેમજ કંમ્પાઉન્ડ વોલ બનાવી નથી. જે બાબતે વાલીઓને ખબર પડતાં મીડીયાનો સહારો લેતાં મીડીયાએ આ અંગે સમાચારો છાપતાં ધાનેરા પી.આઈ. દ્વારા ફોન ઉપર ધમકી આપી મીડીયાનું મોઢું બંધ કરવાની કોશીશ થઈ રહી છે.

ભાભર બસસ્ટેશનમાં ગંદકી

વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ભારત સરકાર અને રાજ્ય સરકારો સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરે છે. પરંતુ હકિકતે ઠેરઠેર ગંદકી જોવા મળે છે, સરકારના જાહેર સ્થળો પણ ગંદકીથી બાકાત રહ્યા નથી, ભાભરના નવા બસ સબ સ્ટેશનમાં શૌચાલય અને મૂતરડીમાં ગંદકી છે. સફાઈ અભાવે મુસાફરો બહાર જાય છે. એસ.ટી.તંત્રના જવાબદારોની ઘોર-બેદરકારીથી ગંદકી દુર કરવામાં ન આવતી હોવાની મુસાફર જનતાની ફરીયાદો છે. પાલનપુર ડી.સી.લાલ આંખ કરીને સ્થાનિક જવાબદારોની આંખ ઉઘાડે તેવી લોક માંગ છે.

ધાનેરા લાયન્સ કલબ દ્વારા ન્યુટ્રીશન કીટનું વિતરણ

એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ગત તારીખ ૮/૩/૨૦૧૮ ના ઈન્ટરનેશનલ વુમન ડે ના દિવસે લાયન્સ કલબ ઓફ ધાનેરા દ્વારા એચ.આઈ.વી./એઈડ્સ પીડીત મહીલાઓ તથા પુરૂષોને ન્યુટ્રીશન રાશન કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કરવામાં આવ્યું.

બનાસકાંઠા ડીસ્ટ્રીકટ નેટવર્ક ઓફ પીપલ (બનાસ એન.પી.) નામની સંસ્થા જે એચ.આઈ.વી/એઈડસથી પીડાતા લોકોને સારૂ ગણતર, ભણતર તથા સમાજમાં યોગ્ય માન-સન્માન મળી રહે તે માટે ઘણા સારા કાર્યો કરે છે.

આ વખતે લાયન્સ કલબ ઓફ ધાનેરાના પ્રમુખ રમેશભાઈ ડી.ઠક્કરે બનાસ એન.પી. નામની સંસ્થા સાથે મળીને આવા રોગોથી પીડાતી મહિલાઓ તથા પુરૂષોને સન્માન મળે તે હેતુથી એક મહિનો ચાલે તેટલી ન્યુટ્રીશન રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં લાયન્સ કલબના પ્રમુખ રમેશભાઈ ડી.ઠક્કર, બનાસ એન.પી.ના પ્રમુખ નરેશભાઈ સોની, નગરપાલિકા પ્રમુખ બળવંતભાઈ બારોટ તમામ કોર્પોરેટર તથા ડૉ. ચૌધરી, યોગેશભાઈ ત્રિવેદી, વર્ષાબેન જોષી તથા લાયન્સ મેમ્બર્સ તથા પત્રકાર મિત્રો હાજર રહેલ. આ કાર્યક્રમમાં પાલનપુરના પતંજલીબેને હાજર રહી સરસ વક્તવ્ય આપેલ તથા દીપપ્રાગ્ય બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની આભારવિધી લાયન ગોવિંદભાઈ પટેલે કરી હતી.

પાક સરહદે આવેલ રાછેણા ગામ સુધી એસ.ટી. બસ ન આવતાં મુસાફરો પરેશાન

વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવથી ૨૦ કિ.મી.ના અંતરે આવેલું રાછેણા ગામ કસ્ટમ રોડ ઉપર આવેલું ગામ છે. આ ગામ સરહદી બોર્ડર વિસ્તારનું ગામ છે. અહીંથી પાક. બોર્ડર માત્ર ૨૫ કિ.મી.નું અંતર ધરાવે છે. આ ગામને એસ.ટી. નિગમ દ્વારા બસોની સુવિધા અપાય છે. પણ એસ.ટી. બસ ગામમાં જતી નથી.

આ બાબતે રાછેણા ગામના જાગૃત નાગરિક રમેશભાઈ કાજાભાઈ પરમારે મીડીયા સમક્ષ જણાવ્યુ હતું કે રાછેણા ગામે છેલ્લા ૧૫ વર્ષથી બસ ગામમાં પ્રવેશી કરતી નથી. ગામથી ૧ કિ.મી. બસ દૂર ઉભી રહે છે. જેથી ગામ લોકો એસ.ટી. બસમાં મુસાફરી કરતા નથી અને પ્રાઈવેટ સાધનોમાં મુસાફરી કરી રહ્યા છે. આ બાબતે બ.કાં. જિલ્લા એસ.ટી. વિભાગીય નિયામક અંગત રસ દાખવી રાછેણા ગામથી પસાર થતી તમામ બસો ગામમાં પ્રવેશી મુસાફરોને મદદરૂપ બને તેવુ સુચન કરે તેવી લોકોની ઉગ્ર માંગણી છે.

આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે

ડીસામાં તેરાપંથ મહિલા મંડળ દ્વારા મહિલા સશક્તીકરણ રેલી યોજાઇ

ડીસા

ગતરોજ તા.૮/૩/૨૦૧૮ ના રોજ આંતર રાષ્ટ્રીય મહિલા દિવસનો ઉપલક્ષમાં આખિલ ભારતિય મહિલા મંડળના તત્વાવધાનમાં ડીસા તેરાપંથ મહિલા મંડલ દ્વારા મહિલા સશક્તીકરણ રેલીનું આયોજન કરવામાં આવેલ સમગ્ર ભારતભરમાં આજના દિવસે એકજ સમયે અને એકજ પ્રકારે ઘણા સ્થાને રેલી નિકળી હતી. આ રેલીનો મુળ ઉદેશ્ય મહિલા સશક્તિકરણ અને મહિલા જાગૃત થાય તે હતો. કાર્યક્રમનો પ્રારંભ નાયબ કલેક્ટર એ મહિલાઓના પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

આ રેલીને ડીસાના નાયબ કલેક્ટર ઉપાધ્યાયએ લીલીઝંડી બતાવીને પ્રસ્થાન કરાવ્યું હતુ. આ રેલી ડીસા નેમિનાથ નગરથી નિકળીને મેઈન રોડ, ફુવારા, ભગવતી ચાર રસ્તા, લેખરાજ ચાર રસ્તા થઈને પરત નેમીનાથ નગર તેરાપંથ ભવનમાં સભાના રૂપમાં ફેરવાઈ હતી. આ રેલીમાં નારી જાગૃતિ માટેના સુત્રોના ઘોષથી બજારો ગુજી ગઈ હતી.

આ રેલીને સફળ બનાવવા માટે સ્થાનિય તેરાપંથ મહિલા મંડળ દ્વારા જહેમત ઉઠાવાઈ હતી. કાર્યક્રમના અંતે તેરાપંથ મહિલા મંડળના પ્રમુખ નિર્મલાબેન બોરદિયા રેલી સંયોજક સંગીતા બોરદિયા અધ્યક્ષસ્થાને તેરાપંથ સભાના અધ્યક્ષ વિનોદભાઈ બોરદિયા તથા રાકેશભાઈ એ સહુનો આભાર વ્યક્ત કર્યો હતો.

૨૦૧૦ માં કાર્યરત થયેલી

વાવની ‘‘સબ રજિસ્ટાર’’ કચેરી ઈન્ચાર્જના હવાલે

તા.પ્રતિનિધિ વાવ

માહે નવે ૨૦૧૦ માં વાવ મામલતદાર કચેરી ખાતે આવેલા સેવા સદનના નવીન મકાનમાં સબ રજિસ્ટ્રાર કચેરી કાર્યરત કરવામાં આવી હતી. જો કે કચેરી કાર્યરત થયા બાદ એક વખત કાયમી સબ રજિસ્ટારની જગ્યા ભરાઈ હતી. ત્યારબાદ હંમેશના માટે આ કચેરી ઈન્ચાર્જના હવાલે ચાલી રહી છે. જો કે મહત્વની ગણાતી આ સબ રજિસ્ટાર કચેરીમાં દસ્તાવેજો, ગીરોખત, ગીરોયુક્ત, જમીન- મકાનના વીલનામા, દતકલેખ જેવી મહત્વની કામગીરીઓ થાય છે. પરંતુ ઈન્ચાર્જના હવાલે ચાલતી આ કચેરીનો સબરજિસ્ટારનો ચાર્જ કલાર્કના હવાલે સોંપાય છે. જેથી કરીને વહીવટ ખોરંભે ચડે છે. કારણ કે કલાર્કને આ બાબતનું વહીવટી જ્ઞાન હેતુ નથી. ફોલ્ડરીયા, વચેટીયાઓ વચ્ચે ખેડુત અને જનતા પરેશાની ભોગવી રહી છે. જેથી કરીને સરકારની કચેરીને પણ ચુનો લાગી રહ્યો છે. કારણ કે વહીવટી જ્ઞાનના અભાવે મોટી રકમના દસ્તાવેજોમાં ‘‘સ્ટેમ્પ ડ્યુટી’’ ની ચોરીઓ થઈ રહી છે. જિ.કલેક્ટર વાવ ખાતે સબ રજિસ્ટાર કચેરીમાં કાયમી ધોરણે રજિસ્ટારની નિમણુંક કરાવે તેવી જનમાંગ છે. લાંબા સમય સુધી આ કચેરી ઈ.ચાર્જને હવાલે ચાલી તો પછી ગેરરીતિએ ભારે માઝા મુકી દેશે તેવું ચર્ચાસ્પદ બન્યું છે.

ડીસા કોલેજમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી

ભરત સુંદેશા

ડીસા

સમસ્ત વિશ્વમાં ૮ મી માર્ચને મહિલા દિવસી તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આ દિવસે ડીસાની ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં કાયરત ‘‘ઉડાન નારી મંચ’’ ના કન્વિનર પ્રા.વંદના બેન સિસોદીયા તથા કાઉન્સેલિંગ સેન્ટરના અધ્યક્ષ ડો.મિતલ વેકરીયા દ્વારા તેજસ્વી વિદ્યાર્થીનીઓને સન્માનિત કરવા માટે કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શહેરના જાણીતા તબીબ ડો.વર્ષાબેન શાહે દીપ પ્રાગટ્ય કરીને વિદ્યાર્થીનીઓને સમાજમાં સ્ત્રીઓના સમાન દરજ્જા વિશે તેમજ સ્ત્રીઓના સ્વતંત્ર વ્યક્તિત્વ વિશે ઉદ્બોધન કર્યું હતું.

કાર્યક્રમમાં આર્થિક રીતે મધ્યમ વર્ગની વિદ્યાર્થીનીઓ જેઓ પરિવારને મદદરૂપ થવા માટે કામ કરતા કરતા અભ્યાસ કરે છે. તેમજ વિવિધ પ્રવૃતિમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને કોલેજને ગૌરવ અપાવ્યું છે. તેવી બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રા.સેજલબેન ગજ્જરે વિદ્યાર્થીનીઓની પ્રેરણાત્મક ઉદબોધન કર્યું હતું. સમસ્ત કાર્યક્રમનું સંચાલન ડો.તૃપ્તિ સી.પટેલે કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ પ્રા.ક્રિષ્ના કે.શાંડ્યાએ કરી હતી. કાર્યક્રમના આયોજનમાં ગ્રંથપાલ હેતલ મોદી, પ્રા.સુનીતા એલ. ઠક્કર, પ્રા.દિવ્યા પિલ્લઈ, પ્રા.ભાવના બોસમીયા, પ્રા.સેજલ જોષી, પ્રા.સુનીતા ઠક્કર, પ્રા.હેમલતા વારડે વગેરેએ સહયોગ આપ્યો હતો.

કોતરવાડા આરોગ્ય કેન્દ્રમાં મહિલા દિવસની ઉજવણી

નટુજી ઠાકોર

પ્રતિનિધિ કોતરવાડા

ગત તા.૮/૩/૨૦૧૮ ને ગુરૂવારના રોજ પ્રા.આ.કે. કોતરવાડા મુકામે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં મુખ્ય મહિલા આરોગ્ય અધિકારી તથા તાલુકા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ ધાત્રી માતાઓનો સંમેલન કાર્યક્રમ યોજવામાં આવ્યો.

આ ઉજવણી નિમિતે કોતરવાડા પ્રા.આ.કે. મુકામે મુખ્ય મહેમાન તરીકે તાલુકા ડેલીગેટ રઈબેન લાલજીભાઈ ઠાકોરે હાજરી આપેલ ઉપરાંત પ્રા.આ.કે. કોતરવાડાના મે..ઓ.પ્રદિપભાઈ સોલંકી, ફિહે.સુ.મધુબેન આર.મોહંમદ તથા ઈ.સુ.મ.પ.હેવ પઢિયાર દિલીપ કે. તથા પ્રા.આ.કે.નો તમામ સ્ટાફ ઉપસ્થિત હતો.

આ પ્રસંગે બેટી વધાવો, બેટી પઢાવો, સુત્ર સાર્થક કરવા તમામ ધાત્રી માતાઓને મહિલા સશક્તિકરણ તેમજ આરોગ્ય લક્ષી તમામ મુદ્દાઓ વિશે માહિતગાર કરવામાં આવેલ તેમજ ધાત્રી માતાઓને મમતાકિટનું વિતરણ પણ કરવામા આવેલ.

બનાસકાંઠા જિલ્લાના મહીલા પશુપાલકને કૃષિ પ્રેરણા એવોર્ડ

પશુપાલનમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવી સફળતા મેળવી

AWARDS
2018

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાના ચારડા ગામના વતની કાજુબેન રાવતાભાઈ માળવીને તા.૬ માર્ચ, ૨૦૧૮ના રોજ દિલ્હી ખાતે યોજાયેલ મહીન્દ્રા સમૃધ્ધિ ઈન્ડિયા એગ્રી એવોડ ૨૦૧૮ અંતર્ગત કૃષિ પ્રેરણા સન્માન રીઝીઓનલ એવોર્ડ વિજેતા, પશ્ચિમ ઝોન (મહિલા)-૨૦૧૮ નો પ્રાદેશિક સન્માન એવોર્ડ રાધામોહન સીંગ,(કૃષિ મંત્રી, ભારત સરકાર) ના વરદ હસ્તે આપવામાં આવેલ. સદર એવોર્ડમાં સન્માન પત્ર અને રૂા.૫૧,૦૦૦/-નું રોકડ ઈનામ આપવામાં આવેલ.

અનુસંધાન પાના નં.૬

રતનગઢ શીતળા માતાના સ્થાનકે શ્રધ્ધાળુઓ ઉમટ્યા

મહાદેવ પરમાર

પ્રતિ. રવિયાણા

કાંકરેજ તાલુકાના રતનગઢના ખરાબામાં આવેલ શીતળા માતાના પ્રાચીન મંદિરે ફાગણવદ-૭ ના દિવસે માતાજીના દર્શનનો લાભ લેવા રવિયાણા, રતનગઢ, ખોડા, વસ્ત્રાહાર, ચેખલા તેમજ આજુબાજુથી ઘણા ભાવિકો શીતળા માતાના મંદિરે આવી તેમની બાધા આખડી પૂરી કરી હતી. પુજારી દ્વારા તેમજ જણાવવામાં આવેલ કે માતાજીને મીઠાની થેલી, પાણીની ગાગર, શ્રીફળ અને પ્રસાદી લોકો દ્વારા ચડાવવામાં આવે છે આ સ્થળે વર્ષમાં બે વાર દર્શાનાર્થીઓની ભીડ વધુ પ્રમાણમાં જોવા મળે છે રતનગઢ ગ્રામજનો દ્વારા સ્વયંસેવકો દ્વાર લોકોને કોઈપણ પ્રકારની અગવડ ના પડે તે માટે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

અંબાજીમાં ધો.૧૦-૧૨ ના પરીક્ષાર્થીઓને નિઃશુલ્ક ભોજન

પ્રતિ. અંબાજી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની જાહેર પરીક્ષાઓ તારીખ ૧૨/૩/૨૦૧૮ ને સોમવારથી શરૂ થઈ રહી છે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી દ્વારા સામાજિક અને શૈક્ષણિક સેવાના ભાગરૂપે દેવસ્થાન ટ્રસ્ટના અંબિકા ભોજનાલયમાં અંબાજી ખાતે કોઈ પણ પરીક્ષા કેન્દ્રમાં આવતા તમામ પરીક્ષાર્થીઓ માટે વિનામુલ્યે ભોજન આપવામાં આવશે. પરીક્ષાર્થી પોતાની રીસીપ્ટ(ઓળખપત્ર) બતાવી પ્રવેશ મેળવી શકશે અને વિનામુલ્યે ભોજનનો લાભ લઈ શકે તેવી વ્યવસ્થા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી છે. શ્રી અંબિકા ભોજનાલયનો સમય સવારે ૧૦:૦૦ થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધીનો છે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના તમામ પરીક્ષાર્થીઓને ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવે છે.

રાજ્યના કેટલાક ભાગોમાં પારો ૩૭થી ઉપર પહોંચ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરની સાથે રાજ્યભરમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે અને પારો દિન પ્રતિદિન ઉપર જઇ રહ્યો છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૬.૪ અને લઘુત્તમ તાપમાન ૨૦.૬ સુધી પહોંચ્યું હતું. આવતીકાલે અમદાવાદમાં પારો ૩૬ની આસપાસ રહી શકે છે. હાલમાં બે ત્રણ દિવસ સુધી મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે. આજે વડોદરામાં પારો ૩૮ સુધી પહોંચ્યો હતો જ્યારે નલિયામાં ૩૪.૪, ભુજમાં ૩૬.૪, મહુવામાં ૩૬.૪, અમરેલીમાં ૩૭.૨ ડિગ્રી તાપમાન રહ્યું હતું. બીજી બાજુ મહત્તમ તાપમાનમાં અમદાવાદમાં પણ વધારો થઈ રહ્યો છે. ગાંધીનગરમાં આજે પારો મહત્તમ તાપમાનમાં ૩૫.૭ ડિગ્રી રહ્યું હતું. ઠંડી અને ગરમીનું પ્રમાણ હોવાના કારણે લોકો પરેશાન થયેલા છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. એકબાજુ પાણીની તકલીફ પહેલાથી જ અનુભવાઈ રહી છે ત્યારે આ વખતે ગરમી વધુ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદ શહેરમાં આવતીકાલે શુક્રવારના દિવસે ગરમીનું પ્રમાણ યથાવત રહી શકે છે અને પારો ૩૬ સુધી રહી શકે છે. આગામી બે દિવસ દરમિયાન મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં કોઇ ફેરફાર થવાની શક્યતા નહીવત દેખાઈ રહી છે. બેવડી સિઝનના પરિણામ સ્વરુપે હાલ સાવચેતી રાખવાની સલાહ નિષ્ણાંત લોકો આપી રહ્યા છે.

‘શાળા સ્વચ્છતા એવોર્ડ માટે..

ડીસા તાલુકામાં સોલંકીવાસ (જેનાલ) પ્રાથમિક શાળાની પસંદગી

બી.ટી.દરબાર

પ્રતિ. જેનાલ

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શાળાઓમાં સ્વચ્છતા અંગે જાગૃતિ વધે અને સ્થાનિક સમુદાયમાં સ્વચ્છતા અંગેની સભાનતા અને સંવેદનશીલતા વધે તે માટે સરકાર દ્વારા વર્ષ ‘૨૦૧૬ થી જિલ્લા પંચાયતની શાળાઓને શાળા સ્વચ્છતા એવોર્ડ આપણનું નક્કી કરવામાં આવેલ છે.

આ વર્ષે પણ શાળા સવચ્છતા એવોર્ડ માટે જિલ્લાની કુલ ૨૭૭ શાળાઓએ ઓનલાઈન નોમિનેશન કરાવેલ. જેમાંથી તાલુકાની ટોપટેન શાળાઓનું તાલુકા એવોર્ડ સમિતિઓ દ્વારા આકસ્મિક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૧૭-૧૮ ના શાળા સ્વચ્છતા એવોર્ડ’ માટે ડીસા તાલુકાની વરનોડા સી.આર.સી.ની સોલંકીવાસ (જેનાલ) પ્રાથમિક શાળાની પસંદગી કરવામાં આવેલ છે. જે શાળામાં મુખ્યશિક્ષક તરીકે અશ્વિનસિંહ એલ.સોલંકી ફરજ બજાવે છે. સોલંકીવાસ (જેનાલ) પ્રાથમિક શાળાની ‘શાળા સ્વચ્છતા એવોર્ડ’ માટે પસંદગી થયેલી હોવાથી તા.૧૪/૩/૨૦૧૮ ને બુધવારના રોજ જગાણા ખાતે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ-ગાંધીનગર

અનુસંધાન પાના નં.૬

પાંથાવાડામાં નન્હી પરી કાર્યક્રમ યોજાયો

દિનેશ ત્રિવેદી

પ્રતિનિધિ પાંથાવાડા

પાંથાવાડા સી.એચ.સી. ખાતે દાંતીવાડા તાલુકા ભાજપ મહિલા મોર્ચાના પ્રમુખ ફાલ્ગુનીબેન ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને નન્હી પરી કાર્યક્રમ યોજાયો જેમાં ફાલ્ગુનીબેન દ્વારા નવી જન્મેલ બાળકીને ચાંદીનો સિક્કો તથા ફુલ આપી સ્વાગત કરવામાં આવ્યું તથા પ્રસંગને અનુરૂપ બેટી બચાવો બેટી પઢાવો

અનુસંધાન પાના નં.૬

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પાલનપુર
સરદાર વલ્લભભાઈ પટેલ માર્કેટયાર્ડ, ડેરી જગાણા રોડ, પાલનપુર, જિ.બ.કાં.
જાહેર સુચના

આથી જણાવવામાં આવે છે કે, ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પાલનપુર મુ.પાલનપુર જિ.બ.કાં.નું નવું વર્ષ તા.૦૧-૦૪-૨૦૧૮ થી શરૂ થાય છે. સમગ્ર પાલનપુર તાલુકામાં માર્કેટધારો (ખેતી ઉત્પન્ન બજાર ધારો) અમલી હોઇ નિયમન હેઠળના ખેતી ઉત્પન્ન જેવા કે અનાજ, કઠોળ, તેલીબીયા અને મરી મસાલા તેજાના નો વેપાર અગર વ્યવહાર જેવા કે, ખેત ઉત્પન્ન ખરીદ/વેચાણ કરનાર કે ગોડાઉન/વખારમાં સંગ્રહ કરનાર, પ્રોસેસીંગ, ક્લીનીંગ (સાફ સફાઇ) કરતાં યુનિટો ધરાવનાર વિગેરે ઇસમોએ બજાર સમિતિ, પાલનપુરનું લાયસન્સ લેવું તેમજ નોંધણી કરાવવી ફરજીયાત છે. લાયસન્સ કે નોંધણી કરાવ્યા વિના ધંધો કરનાર ઇસમ બજાર ધારાની જોગવાઇઓ મુજબ ગુન્હાને પાત્ર ઠરે છે.

બજાર સમિતિ, પાલનપુરનું સને ૨૦૧૭-૨૦૧૮ નું વર્ષ તા.૩૧-૦૩-૨૦૧૮ ના રોજ પુરૂ થતુ હોઇ આગામી વર્ષનું લાયસન્સ મેળવવા માટે તા.૨૬-૦૩-૨૦૧૮ સુધી બજાર સમિતિ, પાલનપુરની ઓફીસે લાયસન્સનું અરજીપત્રક મેળવી લાયસન્સફી પેટે ડીપોઝીટ ભરી જવી. અધુરી વિગતોવાળું કે ચેકવાળું અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. લાયસન્સ અરજી સાથે પાસપોર્ટ સાઇઝનો ફોટો, ભાગીદારી પેઢી/કંપનીનું મેમોરેન્ડમ, આધારકાર્ડ, પાનકાર્ડની નકલ, ધંધાના સ્થળ, સંગ્રહ કરેલ ગોડાઉન વખારો વિગેરેના સરનામા સહીતની વિગતો આધાર સાથે રજૂ કરવી.

નોંધ : ૧. જે ઇસમોની પાસે માર્કેટફી કે બજાર સમિતિનું અન્ય કોઇ લેણુ બાકી હશે તેવા બાકીદાર ઇસમોને લાયસન્સ ફોર્મ ઇસ્યુ કરવામાં આવશે નહીં.
૨. નિયંત્રિત ચીજોનો વેપાર કરતી સહકારી સંસ્થાઓએ છેલ્લા એક વર્ષના ખરીદ વેચાણના હિસાબી પત્રકો અને છેલ્લા ઓડીટ અહેવાલની નોંધ રજૂ કરવાથી લાયસન્સ ફોર્મ ઇસ્યુ કરવામાં આવશે.
૩. તા.૦૧-૦૪-૨૦૧૮ થી જે ઇસમ કાયદેસરનું લાયસન્સ મેળવ્યા સિવાય પાલનપુર બજાર વિસ્તારમાં નિયંત્રિત ચીજોનો વેપાર, વ્યવહાર તેમજ સંગ્રહ કરશે તેમની સામે ગુજરાત એગ્રીકલ્ચર પ્રોડ્યુસર માર્કેટ્સ એક્ટ ૧૯૬૩ ની કલમ ૬/૮ અને ૩૬ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

રતિલાલ જી.પટેલ ભગવાનભાઇ એચ. પટેલ ફતાભાઇ પી. ધરીયા
ઇન્ચા.સેક્રેટરી વા.ચેરમેન ચેરમેન
ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પાલનપુર
ફોન નં.૨૫૯૦૭૧

તંત્રી સ્થાનેથી ...

‘¼ÂõÍk’ yk ÷kf yLk Ãkh÷kf çkÒk ÷kfLkk çkkËþkn Ík{Lk çkLkkðe Ëþ.

કાશ્મીરમાં હિઝબુલ મુજાહિદ્દીન પર સરકારે નજર રાખવી જરૂરી

હમણાં ગૃહમંત્રાલય દ્વારા એવું કહેવામાં આવ્યું કે સરહદ ઉપર ભારે સખ્તાઈના કારણે ઘુસણખોરીના બનાવોમાં સારો એવો ઘટાડો થયો છે, જ્યારે બીજી તરફ સુરક્ષા એજન્સીઓએ હિઝબુલ મુજાહિદ્દીનમાં સામેલ ૨૧ જેટલા યુવાનોનું કાઉન્સીલીંગ કરીને તેઓને સારા માર્ગે લાવવામાં સફળતા મળી છે. આમા મોટાભાગના દક્ષિણ કાશ્મીરના યુવાનો હોવાનું બહાર આવ્યું છે અને તે તમામને ધંધાકીય ક્ષેત્રમાં સામેલ કરવાનું વિચારાયું છે. જે યુવાનો ત્રાસવાદી સંગઠનના ઈશારે પોતાનું જીવન ઝેર સમું બનાવી રહ્યા છે. તેમની સ્થિતિ ગમે તે ક્ષણે ગંભીર બન્યા વિના રહેશે નહિં. જેથી હિઝબુલ પર સરકારે નજર રાખવી જોઈએ.

જમ્મુ- કાશ્મીરના ઘણા વસતીવાળા વિસ્તારોમાં પાક. સેના કે ત્રાસવાદીઓ દ્વારા હુમલા થયા કર્યા છે. તેમાં મોટાભાગે નિર્દોષ લોકો ભોગ બનતા હોય છે. કાશ્મીર વિવાદ ઉકેલાશે કે પછી યથાવત રહેશે તે કળવું મુશ્કેલ છે. પરંતુ કાશ્મીરી યુવાનોએ પોતાની રીતે આત્મમંથન કરીને આગળ આવવું જોઈએ અને કાશ્મીરના વિકાસમાં સરકાર સાથે ભાગીદારી કરવી જોઈએ. કાશ્મીરના ઘણા વિસ્તારોમાં ધંધા રોજગાર પડી ભાંગ્યા છે. સરકાર દ્વારા તમામ પ્રકારની સહાય કરવાની બાંહેધરી આપવામાં આવી છે. જેથી કાશ્મીરના યુવાનો અને ત્યાંના લોકોએ નાની બેંકેબલ યોજનાઓનો લાભ લેવો જોઈએ. જેથી કાશ્મીરમાં વિકાસની તકો ઉજળી થઈ શકે. કાશ્મીર સરકારે આ બાબતે યુવાનોને માહિતગાર કરવા જોઈએ. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર ખીણ વિસ્તારમાં આતંરરાષ્ટ્રીય સંગઠન આઈ.એસ.આઈ.એસ. દ્વારા પાક. ધ્વજ ફરકાવવામાં આવ્યા હતા. આવી ઘટનાઓને મિડિયામાં દર્શાવવામાં આવી નથી.

મંત્રાલયનું કહેવું છે કે જ્યારે જે કાશ્મીરી યુવાનોની હરકતો મિડીયામાં દર્શાવાઈ છે અને તેઓને આઈ.એસ.આઈ.એસ. સંગઠનના ટોચના લોકો પાસેથી સારા નાણાં મળે છે. રૂપિયાની ચમક નિહાળી યુવાનો પોતાનું ભવિષ્ય વેચી રહ્યા છે. તેઓએ પોતાનો અને પરિવારનો ખ્યાલ રાખવો જોઈએ. જો આવું કાયમી બનશે તો કાશ્મીરમાં તમામ યુવાનો ત્રાસવાદી સંગઠનોના ‘હથિયાર’ બનીને રહી જશે તે વાત ચોક્કસ છે.

ગૃહ મંત્રાલયે એવો ઘટસ્ટોફ કર્યો હતો કે ૬૦ કાશ્મીરી યુવાનો આતંકી હુમલાઓનો હિસ્સો બન્યા છે અને આવા યુવાનોની ભરતી માટે અન્ય મિડીયાનો ઉપયોગ થઈ રહ્યો હોવાનું પણ બહાર આવ્યું છે. જેથી સુરક્ષા એજન્સીઓએ મિડીયા પર બારીકાઈથી નજર રાખવી જોઈએ.

તાજેતરમાં કાશ્મીરના પૂર્વ વિસ્તારમાંથી ૨૦ જેટલા યુવાનો ત્રાસવાદી સંગઠનોમાં સામેલ થવા તૈયાર થયા હતા. પરંતુ સુરક્ષા એજન્સીઓની કડક સુચનાથી યુવાનો પોતાના ઘરે પરત ફર્યા હતા, હકીકતમાં ત્રાસવાદી સંગઠનો મસમોટી લાલચો આપીને યુવાનોને પોતાના સંગઠનમાં સામેલ કરી દેતા હોય છે અને ત્રાસવાદી બનાવ્યા પછી યુવાનોનો ઉપયોગ ‘માનવ બોમ્બ’ બનાવવામાં થાય છે એટલે તેમને ગમે ત્યાં ગમે ત્યારે ચિંથરા ઉડી જતા હોય છે. કાશ્મીરમાં મોટાભાગના વાલીઓ પોલીસને પોતાના પુત્રો ગુમ થયા હોવાની ફરિયાદ પણ નોંધાવતા નથી. જેથી પોલીસને આવી બાબતની જાણકારી ક્યારેય મળતી નથી. જો કે કાશ્મીરના ખીણ વિસ્તારમાં લશ્કરની સાથે સાથે પોલીસની કાર્યવાહી કડક બની રહી છે. મોડી સાંજે બહાર નિકળતા યુવાનો- યુવતીઓ ક્યાં જાય છે તેની ખાનગીમાં તપાસ ચલાવાવમાં આવી રહી છે.

બોર્ડની પરીક્ષાની તૈયારી કેવી રીતે કરશો ?

ધો-૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ગણિતમાં રચના આંકડા શાસ્ત્ર સહીત પાંચ ચેપ્ટર તૈયાર કરવા પ્રમયો તૈયાર કરી લેવા રોકડીયા માર્કસ છે એટલે પાસીંગ તો સરળ બની ગયુ હવે ગમતા ચેપ્ટર ગણવા

બાળકને માત્ર ભણવામાં દબાણ કરીને તેનામાં રહેલી શક્તિને અવરાધશો નહી. તેની ક્ષમતા, મર્યાદાને ઓળખી ને તે દિશામાં વેગ આપવો જોઈએ. બાળક સમાજમાં ઈનામ ન મેળવી શક્યો તેવી ઈચ્છા છોડીને બાળકને ક્યો વિષય ગમે છે, વાસ્તવમાં શામા રસ છે તેને જાણીએ મહોલ આપવા

પરિક્ષાની મહત્વના મુદ્દાઓ અલગ કરવા. હવેના દિવસોમાં દરેક વિદ્યાર્થી આ પ્રમાણેની પરીક્ષાલક્ષી તૈયારી કરી લે તો તે વિદ્યાર્થીને પોતાનું ધારેલ પરિણામ પ્રાપ્ત કરવામાં કોઈ મુશ્કેલી અનુભવી નહી પડે પરીક્ષા વખતે સમય સાચવવાનો મહત્વનો હોય છે. દોડાદોડીમા રિસીપ્ટ ખોવાઈ ન જાય તેની કાળજી લેજો ઝેરોક્સ કઢાવીને ઘરે રાખવી રિસીપ્ટ વગર પરીક્ષા આપી નહી શકાય

રાજગોપાલ મહારાજ
એસ.પી.ઠાકોર-સર્વોદય વિદ્યાલય-કાંસા

GIA ઈન્ડિયા દ્વારા અમદાવાદ સ્થિત હોટલ હયાત ખાતે કૃત્રિમ હીરા : પડકારો અને તકો મુદ્દે પેનલ પરિચર્ચાનું આયોજન કરાયું

અમદાવાદ GIA (જેમોલોજિકલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ અમેરિકા) ઈન્ડિયા દ્વારા હોટલ હયાત, અમદાવાદ ખાતે કૃત્રિમ હિરા : પડકારો અને તક મુદ્દે એક પેનલ પરિચર્ચાનું સંચાલન કર્યુ હતું. આ પરિચર્ચામાં આયોજન કરવામાં આવ્યું હતું. જૈંછ ઈન્ડિયા અને મીડલ ઈસ્ટના મેનેજિંગ ડાયરેક્ટર નિરૂપા ભટ્ટે વિષય સંદર્ભે વિચારોનું મુક્ત રીતે આદાન-પ્રદાન થઈ શકે અને હિરાની તપાસ વિશ્વસનીય એવી જેમોલોજિકલ પ્રયોગશાળાઓમાં થાય તે સુનિશ્ચિત કરવા માટે પરિચર્ચાનું હાજર રહેલા વક્તાઓમાં ઈશ્વરલાલ હરજીવનદાસ જ્વેલર્સના એસોસિયેશન ઓફ અમદાવાદના પ્રમુખ રોહિત ચોકસી, એન.એસ.જ્વેલર્સના માલિક તેમજ જ્વેલર્સ એસોસિયેશન ઓફ અમદાવાદના સચિવ શ્રી કૈલાશ કાબરા, એ.બી.જ્વેલ્સના મનોજ સોની અને ઝવેરી એન્ડ કંપનીના રાજ ઝવેરી સામેલ હતા. એસોસિયેશનની મેનેજમેન્ટ કમિટી પણ તેના અન્ય સભ્યો સાથે પરિચર્ચામાં હાજર રહી હતી.

કૃત્રિમ હિરા ઉદ્યોગ માટે કોઈ નવી બાબત નથી. પ્રયોગશાળા અથવા ફેક્ટરીમાં વિકસીત કરવામાં આવતા કૃત્રિમ હિરાના વિકાસનું માળખું અને અણ્વિક સ્તરની ત્રુટીઓ તેમને આધુનિક સંપૂર્ણ રીતે સજ્જ પ્રયોગશાળાઓને કુદરતી હિરાથી અલગ તારવવા સક્ષમ બનાવે છે. કુદરતી અને કૃત્રિમ હિરાની કેટલીક ભૌતિક વિશેષતાઓ સમાન હોવાને કારણે, ધણીવાર કુશળ જ્વેલર અથવા તાલીમબદ્ધ જેમોલોજિસ્ટ પણ માત્ર તેમને એક નજરે જોઈને અલગ તારવી કે ઓળખી શકતા નથી. આવા હિરાની સચોટ ઓળખ સુનિશ્ચિત કરવા માટે જેમોલોજિકલ પ્રયોગશાળાઓમાં વિશેષ પ્રકારના ઉપકરણો અને તાલીમબદ્ધ સ્ટાફની જરૂર રહેતી હોય છે.

‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

MÃkkRfh ÷kL[fÞk LkÕk f÷õþLk – Mk{h ykV Å÷

